# મુંબઈમાં ભારે વરસાદ : જનજીવન ઠપ્પ



મુંબઈ,તા. ૨

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈના જુદા-જુદા ભાગોમાં વરસાદે આજે ભારે મુશ્કિલી સર્જી હતી. ભારે મુશ્કેલીના કારણે ટ્રાફિક જામની સ્થિતિ પણ જુદા-જુદા વિસ્તારમાં સર્જાઈ હતી. વરસાદના લીધે અંધેરી સબવે, બહાર સિનેમા જંક્શન, ભાન્ડુપ, મુલુન્., જુહુ અને મલાડ સબવે ખાતે ટ્રાફિકને માઠી અસર થઈ હતી. કુરલા ખાતે રેલવે ટ્રેક પર પાણી ભરાયા હતા. જેના કારણે ટ્રાફિક પોલીસને પણ ભારે જહમત ઉઠાવી પડી હતી. બંદોબસ્ત માટે વધારાના પોલીસ જવાનો તૈનાત કરવા પડ્યા હતા. જ્યાં જરૂર પડે ત્યાં ડાયવર્ઝનની સુચના આપવામાં આવી હતી. વાહન ચાલકો માટે સ્માર્ટફોન એપ્સની પણ આ વખતે શરૂઆત કરવામાં આવી છે. ટ્રાફિક જામના પરિણામ સ્વરૂપે બાન્દ્રા-વરલી સી લિન્ક પર લોકો અટવાઈ પડ્યા હતા. ૨૦થી ૨૫ મિનિટનો વિલંબ લોકોને થયો હતો. બાન્દ્રા અને અંધેરી વચ્ચે ટ્રાફિકની અસર થઈ હતી. સાન્તાક્રૂઝ - ચેમ્બુર લિંક રોડ ઉપર પણ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. કેટલીક જગ્યાઓએ ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી. વસીટોલનાકા ખાતે ટ્રાફિક સિગ્નલો તૂટી પડ્યા હતા. ભારે વરસાદના કારણે લોકો જુદીજુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા હતા.



રમઝાન માસના પ્રારંભ સાથે દેશભરના મુસ્લિમ બિરાદરો ખુદાની બંદગીમાં જોડાઈ ગયા છે. ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શ્રીનગરમાં એક દરગાહની બહાર બેસી કાશ્મીરી મુસ્લિમ મહિલા બંદગી કરતી નજરે ચઢી રહી છે.

**બજેટ સત્ર બાદ વિધિવત જાહેરાત કરાશે**

## ૧૨ રાજકારણી સુરક્ષા છત્ર ગુમાવે તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે જુદા-જુદા વીવીઆઈપી અને વીઆઈપી લોકોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, યુપીએ સરકારમાં પ્રધાન રહી ચુકેલા ૧૨ જેટલા રાજકારણી તેમના સુરક્ષા છત્રને ગુમાવે તેવી શક્યતા છે. સંસદના બજેટ સત્ર બાદ આની જાહેરાત કરવામાં આવી શકે છે. બેઠક દરમિયાન ગૃહ રાજ્ય પ્રધાન કિરણ રિજ્જુ, કેન્દ્રીય ગૃહ સચિવ અનિલ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. સિંહે વીવીઆઈપી અને વીઆઈપી લોકો માટે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ગૃહપ્રધાને એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે, તેમની સુરક્ષા વ્યવસ્થાની જરૂર છે કે કેમ તે બાબતમાં ધ્યાન આપવાની જરૂર છે. મહત્વના સ્થળો ઉપર સુરક્ષા ઓડિટની પણ સૂચના આપવામાં આવી છે. બજેટ સત્ર બાદ કેટલાક રાજકીય નેતાઓ તેમની સુરક્ષા ગુમાવે તેવી શક્યતા છે. બજેટ સત્રની શરૂઆત થવા આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે. ૧૦મી જુલાઈના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે જે નવા નાણાં મંત્રી અરૂણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવનાર છે.

# સુનંદા મોતના મામલામાં ઝડપી તપાસની શશી થરૂર દ્વારા માંગ

નવી દિલ્હી, તા. ૨

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરે તેમના પત્નિ સુનંદા પુષ્કરના ઓટોસ્પી કેસમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે મીડિયાના કોઈ પ્રશ્નનો જવાબ આપવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ સાથે-સાથે શશી થરૂરે આ સમગ્ર મામલામાં તપાસને ઝડપી બનાવવાની માંગણી કરી હતી.



ફેસબુક ઉપર એક નિવેદનમાં શશી થરૂરે માંગ કરી હતી કે, સત્તાવાળાઓએ ઝડપી અને પારદર્શક તપાસ ચલાવવી જોઈએ. શશી થરૂરનું કહેવું છે કે, પત્નિ સુનંદાના મોત થયા બાદથી જ તેઓ સતત સત્તાવાળાઓ દ્વારા ઉંડી અને પારદર્શક તપાસની માંગ કરી રહ્યા છે. પુષ્કરના પરિવારજનોએ પણ આવો જ મત આપ્યો છે. સત્તાવાળાઓ સાથે અમે પૂર્ણ સહકાર કરી રહ્યા છીએ. ઉંડી તપાસની અમે ફરી માંગણી કરીએ છીએ. એક અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ એમ્સમાં ફોરેન્સીક વિભાગના વડા કહી ચુક્યા છે કે, પુષ્કરના મોત કેસમાં બનાવટી અહેવાલ આપવા તેમના પર દબાણ કરાયું હતું. ગુપ્તા એવા નિષ્ણાંત તબીબોની ટુકડીનું નેતૃત્વ કરી રહ્યા હતા જે ટુકડીએ પુષ્કરના મૃતદેહ ઉપર પોસ્ટમોર્ટમની વિધી કરી હતી. તેઓએ આરોગ્ય મંત્રાલય સમક્ષ પણ ફરીયાદ કરી હોવાની વાત કરી હતી. દિલ્હી પોલીસના કમિશનર બીએસ બસ્સીએ કહ્યું છે કે, સુનંદા પુષ્કર કેસમાં ફરી ચકાસણી થશે. તમામ શક્યતાઓને ધ્યાનમાં લેવામાં આવશે. પોલીસ ક્રિમીનલ પ્રોસીડર કોડની કલમ ૧૭૪ હેઠળ કેસ પર કામ કરી રહી છે. આ મામલામાં સીટ પણ તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ૧૭મી જાન્યુઆરીના દિવસે ૫૨ વર્ષીય સુનંદા પુષ્કર નવી દિલ્હીના ચાણક્યપુરીમાં તેમના લીલા પેલેસમાં હોટલ રૂમમાં મૃત હાલતમાં મળી આવી હતી.

**વિવાદ બાદ એમ્સ દ્વારા ખુલાસો**

## સુનંદા કેસ : સુધીર ગુપ્તા ઉપર કોઈ દબાણ ન હતું

નવી દિલ્હી, તા.૨

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ વહિવટી તંત્રએ એવા આક્ષેપને રદીયો આપ્યો છે કે, સુનંદા પુસ્કર મોત મામલામાં ડોક્ટર સુધીર ગુપ્તા ઉપર કોઈપણ પ્રકારનું દબાણ હતું. એમ્સે કહ્યું છે કે, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરના પત્ની સુનંદા પુષ્કરના ઓટોસ્પી રિપોર્ટમાં સુધારો કરવા સુધીર ગુપ્તા ઉપર કોઈપણ પ્રકારનું દબાણ કરાયું નહતું. તેમના સાથી મિર્ઝા ભાટીયાની સાથે પત્રકાર પરિષદને સંબોધતા એમ્સના પીઆરઓ અમિત ગુપ્તાએ કહ્યું છે કે, સુધીર ગુપ્તા દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બિલકુલ આધાર વગરના છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બદલી નાખવા તેમના પર કોઈપણ દબાણ કરાયું નહતું. એમ્સના પ્રવક્તાએ કહ્યું છે કે, સુનંદા પુષ્કરના ઓટોસ્પી રિપોર્ટમાં સુધારો કરવા કોઈપણ વ્યક્તિ અથવા બહારથી કોઈ દબાણ ન હતું. જ્યાં સુધી અમારી પાસે માહિતી છે તેવા કોઈપણ પુરાવા હાથ લાગ્યા નથી. એમ્સ દ્વારા સુધીર ગુપ્તા સામે કોઈ પગલા લેવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા એમ્સના પ્રવક્તાએ કહ્યું હતું કે, જો જરૂર પડશે તો વહીવટી તંત્ર સુધીર ગુપ્તા સામે કેસ દાખલ કરશે. જોકે તેમને દૂર કરવાના સંદર્ભમાં કોઈપણ પગલા લેવામાં આવ્યા નથી. મિર્ઝા ભાટીયાએ એમપણ કહ્યું હતું કે, ફોરેન્સીક વિભાગના વડા તરીકે સુધીર ગુપ્તા છે પરંતુ હોદ્દા પરથી તેમને દૂર કરવાની કોઈ વાતચીત થઈ રહી નથી. સુધીર ગુપ્તાનો સંપર્ક કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ તેઓ રજા પર છે. જોકે સુધીર ગુપ્તા ફરાર થયા નથી. સુધીર ગુપ્તા સંસ્થાના એક ભાગ તરીકે હોવાનો દાવો અમિત ગુપ્તાએ કર્યો છે.

**આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ફરતો દેખાયો**

# હફિઝ રાજસ્થાન સરહદની પાસે પાક ગામોમાં પહોંચ્યો

જૈસલમેર,તા. ૨

વર્ષ ૨૦૦૮માં દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં થયેલા ભીષણ ત્રાસવાદી હુમલામાં માસ્ટર



માઈન્ડ અને ખતરનાક ત્રાસવાદી હાફીજ સઈદ રાજસ્થાન સરહદ નજીક પાકિસ્તાનના ગામોમાં ફરતો નજરે પડ્યો છે. જેથી તર્ક વિતર્કોનો દોર શરૂ થઈ ગયો છે. સાથે સાથે હવે તેની પ્રવૃતિ પર ભારતે પણ ચાંપતી નજર કેન્દ્રિત કરી દીધી છે. ભારત સામે હુમલા કરવાની કોઈ નવી યોજના તે બનાવી રહ્યો છે કે કેમ તેને લઈને સુરક્ષા સંસ્થાઓ પણ સાવધાન થઈ ગઈ છે.અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તે આંતરરાષ્ટ્રીય સરહદ પ્રવાસ કરતો નજરે પડ્યો છે. અહેવાલમાં દાવો કરાયો છે કે તે ઈસ્લામકોટ, મીરપુર ખાસ, ખેરપુર વિસ્તારમાં ફરતો નજરે પડ્યો હતો. ઈસ્લામકોટ , મીરપુર ખાસ, મિથી અને કેરપુર જે સિંઘમાં છે તે જૈસલમેર સરહદની તાનોત વિસ્તારની સામે છે. અહેવાલ મુજબ રાજસ્થાન અને ગુજરાત સરહદ નજીક જમાત ઉદ દાવાની ગતિવિધી હાલમાં ચાલી રહી છે. ભારતમાં મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓ પૈકીના એક સઈદ દ્વારા આ વિસ્તારોમાં ત્રાસવાદી ભરતી કેમ્પ શરૂ કરાયાના અહેવાલ મળ્યા છે. બીએસએફના સુત્રોને ટાંકીને આ મુજબના અહેવાલ અપાયા છે. બીએસએફના જવાનોને રાજસ્થાનમાં સમગ્ર સરહદ પર વધારે સાવધાન રહેવા માટે સુચના આપવામાં આવી છે. સઈદની હિલાચાલ મિથી, બિટાલા, ઈસ્લામકોટ વિસ્તારમાં જોવા મળી હતી. આ વિસ્તારમાં તે તેમના કેમ્પમાં તેમના બાળકોને મોકલી દેવા લોકોને અપીલ કરી રહ્યો છે. શનિવારે પણ કેટલાક સરહદી ગામોમાં સઈદ ફરતો નજરે પડ્યો હતો. અત્રે નોંધનીય છે કે અમેરિકાએ હાલમાં લશ્કરે તોયબા સામે સકંજો વધારે મજબુત બનાવ્યો છે. જમાત ઉદ દાવાને ત્રાસવાદી સંગઠન તરીકે જાહેર કરી તેની પ્રવતિ પર બ્રેક મુકી છે. સઈદ ભારત સામે હમેંશા ઝેર ફેલાવે છે.

## રેલ બજેટ: ઘણી ટ્રેનમાં ઓટોમેટિક દરવાજાઓ

નવી દિલ્હી, તા. ૨

આઠમી જુલાઈના દિવસે નરેન્દ્ર મોદી સરકાર રેલવે બજેટ રજૂ કરનાર છે ત્યારે રેલવેને ઉચ્ચ પ્રાથમિક્તા આપવાના હેતુસર યાત્રીઓની સુવિધા માટે વધુ કેટલીક જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. શતાબ્દી ટ્રેનમાં ઓટોમેટિક બંધ થતા દરવાજા અને પેસેન્જર કોચમાં આગને રોકી શકે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. રેલવે બજેટ ૨૦૧૪-૧૫માં હાઈ કેપેસિટી મિલ્કવાનના સંદર્ભમાં પણ જાહેરાત કરવામાં આવી શકે છે. મેન્યુફેક્ચરીંગ સેક્ટર તરફથી જુદી-જુદી માંગણી આવી ચુકી છે. હવે નવી પહેલના ભાગરૂપે હાઈકેપેસીટી પાર્સલ વાનના વિકાસની પણ જાહેરાત કરવામાં આવશે. ટ્રેનોમાં લોકોની સુરક્ષાને વધારવાના હેતુસર અને ખામીઓને દૂર કરવા પણ જાહેરાત કરાશે. રેલવે મંત્રી સદાનંદ ગૌડા આઠમી જુલાઈના દિવસે બજેટ જાહેર કરનાર છે. ફુલપ્રુફ સેફ્ટી સાધન તરીકે ઓટોમેટિક બંધ થતા દરવાજાની શરૂઆત કરવામાં આવશે.

## ડિઝલ કિંમત ૧૨ જ મહિનામાં અંકુશમુક્ત થશે : મૂડીનો દાવો

નવી દિલ્હી, તા.૨

રેટિંગ એજન્સી મૂડીએ આજે દાવો કર્યો હતો કે, ડિઝલની કિંમતોને આગામી ૧૨ મહિનાની અંદર સંપૂર્ણપણે અંકુશ મુક્ત કરી દેવામાં આવશે. ખર્ચ અને છૂટક કિંમતો વચ્ચે અંતરને દૂર કરવા રેટમાં હાલમાં માસિક વધારાનો દોર ચાલી રહ્યો છે. મૂડી માને છે કે, નવી સરકાર ફ્યુઅલ પ્રોડક્ટના છુટક વેચાણની કિંમતને વધારવા ઇચ્છુક છે. કેરોસીન અને એલપીજી ઉપર નજર રાખવામાં આવી રહી છે. સબ્સિડી બોજને ઘટાડવાના હેતુસર કેરોસીન અને એલપીજીની છૂટક કિંમતોમાં વધારો કરવામાં આવી શકે છે. જે રીતે ડિઝલની કિંમતમાં દર મહિને ૫૦ પૈસાનો લિટરદિઠ વધારો કરવામાં આવી રહ્યો છે તે જ રીતે અન્ય ફ્યુઅલ પેદાશમાં પણ કરવામાં આવી શકે છે. મૂડી રોકાણકારો માને છે કે, નવી સરકાર તબક્કાવાર રીતે ફ્યુઅલ સબ્સિડીને ઘટાડવા માગે છે. મૂડી માને છે કે, અન્ડર રિકવરી દૂર થયા બાદ નવા પગલા લેવામાં આવશે. ડિઝલ, કેરોસીન અને એલપીજી અન્ડર રિકવરી હેઠળ છે અને નુકશાન હેઠળ છે. આ ત્રણેય ઉપર નુકશાનનો આંકડો માર્ચ ૨૦૧૫માં પૂર્ણ થતા નાણાકીય વર્ષ દરમિયાન ૧૧૦૦૦૦ કરોડની આસપાસ રહે તેવી શક્યતા છે.

હાલમાં જ સરકારે આ ત્રણ પેદાશોની કિંમતો આંતરરાષ્ટ્રીય માર્કેટ કીંમતોથી ઓછી રાખી છે. ગ્રાહકોને નુકશાનથી બચાવવાના પ્રયાસ કરાયા છે. અન્ડર રિકવરીમાં ઘટાડો કરવાના પ્રયાસ સતત કરાઈ રહ્યા છે. મૂડી માને છે કે, સરકાર ઓએનજીસી અને ઓઆઈએલ ઉપર બોઝને ઘટાડવાના પ્રયાસ કરશે. ડિઝલની કિંમતોને અંકુશમાં લેવા માટે સતત પ્રયાસ થઈ રહ્યા છે. ડિઝલ કિંમતો આગામી ૧૨ મહિનામાં અંકુશ મુક્ત કરી દેવામાં આવશે. ત્યારબાદ ડિઝલની કિંમતોને સરકાર દ્વારા નહી પરંતુ કંપનીઓ પોતાની રીતે નિર્ણય લઈ શકશે.

## સમાચાર ઝલક

- ગુજરાતનું બજેટ શ્રેણીબદ્ધ કારણોથી ઐતિહાસિક બન્યું.
- બીલ વગર પણ ગ્રાહક અદાલતમાં ફરિયાદ કરી શકાશે તેવો કાયદો આવશે.
- મધ્યપ્રદેશના બૈતૂલમાં બાઇક ખરીદવા પતિએ પત્નીને પચાસ હજારમાં વેંચી દીધી.
- લાંબા સમય સુધી શૌસ-પ્રોસેસ્ડ મીટ ખાવું શરીર માટે ભયજનક છે : એક અહેવાલ.
- ભારતીય મૂળના સુજિત ચૌધરી અમેરિકાની ટોચની લો સ્કૂલના ડીન બન્યા.
- વાપીમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ.
- ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાનમાં દુકાળનો ભય.
- દિલ્હી પોલીસ કાંદા-બટાટાના ૫૦૦થી વધુ સંગ્રહખોરો પર ત્રાટકી.
- ઇઝરાયેલના ગુમ થયેલ કિશોરોના મૃતદેહ મળ્યા, ઇઝરાયેલ ગમે ત્યારે પડોશી દેશો પર હુમલો કરી શકે.
- ‘ખબર લહેરીયા’ નામના સાપ્તાહિકને ઓનલાઇન અખબારને સામાજિક પ્રવૃત્તિ માટે જર્મનીનો પુરસ્કાર.
- ભરૂચમાં ગોલ્ડન-બ્રીજની સમાંતર બે નવાં પુલ બનાવાશે.
- દરેક હોસ્પિટલ - નર્સીંગ હોમમાં ચાર્જ જાહેર દર્શાવવું ફરજિયાત બનશે.
- અમેરિકન વિમાનની ઇમરજન્સી સ્લાઇડ આકાશમાં ૩૮૦૦૦ ફૂટે ખુલી ગઇ.
- વગર ચોમાસે કારબજારમાં મોન્સૂન ડિસ્કાઉન્ટ શરૂ.
- હવે ૪૦ ઇંચના ટીવીની ડિમાન્ડ શરૂ થઇ.
- ઇજિપ્તમાં રાષ્ટ્રપતિ ભવન પાસે ૩ બોમ્બ ધડાકા થયા, ૨ પોલીસ જવાનોનાં મોત.
- મોબાઇલ-નેટના વધુ પડતાં ઉપયોગથી અનેક રોગો થઇ શકે છે.
- ઇન્દોરમાં દુષ્કર્મનાં કેસમાં મહિલાને જન્મટીપની સજા, દુષ્કર્મના કેસમાં પહેલો કિસ્સો.
- રાજકોટમાં ડોકટર્સ-ડેના દિવસે જ ઓર્થોપેડીક સર્જન ડોકટરનો આપઘાત.
- આણંદ નજીક બસ અને કાર અકસ્માત થતાં ૬નાં મોત.
- પિતાના મૃત્યુ બાદ દીકરીએ મુંડન કરાવ્યું.
- ગરમી-ભેજનાં ઊંચા પ્રમાણથી લોકો પર સ્કીન ઇન્ફેકશનનો વધારો.
- અમઝદ અલી ખાનનું ગુમ થયેલ સરોદ મળી ગયું.

**મોરપીંછના રંગ** (પાના નં. ૪ નું ચાલુ)

જુવાન હૈયાઓને હિલ્લોળે ચડાવતા આ મેળામાં ઘણી વખત વણનોતર્યા મહેમાનની જેમ વરસાદ આવી ચડતા મેળાનો અને મનનો શૃંગારિક ગ્રાફ એના તમામ આંકડાઓ વટાવી જાય છે અને પછી શૃંગારરસના છલકાતા મહાસાગરમાં નાના-મોટા સૌ કોઈ જુવાન બનીને જીવનની અદ્‌ભુત ક્ષણોને સ્મરણ પટ પર હંમેશ માટે રેખાંકિત કરી દે છે. મનના સૂક્ષ્મ કેમેરામાં ઝિલાયેલી આ તસ્વીરો ક્યારેય ભૂંસાતી નથી. કપડાં કે શરીર ભીંજાય એ પહેલા મન ભીંજાઈ જાય અને પછી આંખોમાંથી ધોધમાર વરસતો પ્રણય ભલભલાના જીવનનું પરિવર્તન કરી નાખે છે.

આ મેળાનું આમ જોઈએ તો સામાજિક પ્રદાન ઘણું મોટું છે. રાષ્ટ્રીય એકતાનું સૌથી મોટું જીવંત પ્રતીક હોય તો તે મેળો છે. આ મેળો એટલે પ્રણયનો સૌથી મોટો મહાયજ્ઞ જેમાં હજારો-લાખો દિલની આહૂતિઓ લેવાય અને જીવનપંથની નવી દિશાઓનું સર્જન થાય છે.

જોકે હવે મેળો એની મૌલિક્તા ગુમાવી રહ્યો છે. એમાં આધુનિક્તા પ્રવેશતી જાય છે. રાસની જગ્યાએ આજે ડિસ્કો પાર્ટીઓ આવી ગઈ છે. ગ્રામ્ય યુવતીઓની આંખો, ગાલો અને હોઠો પર લૂંબઝૂંબતી શરમની જગ્યાએ આજે આધુનિક યુવતીઓના દેહમાંથી છલકતી નિર્લજ્જતા વધારે ડોકાય છે. મેળામાં જુગારના અડ્ડાઓ વધ્યા છે. છેડછાડ અને અસામાજિક પ્રવૃત્તિઓ વધી છે.

આમ છતાંય સૌરાષ્ટ્રના કેટલાંક મેળાઓ-ઉત્તર ગુજરાતના આદિવાસી મેળાઓએ પોતાની પરંપરા જાળવી રાખી છે.

તો મિત્રો, આવો, ભરચક મેળાની એકલતા આપણને ટોળે વળીને વળગી પડે એ પહેલા આપણે પણ કવિ હરીન્દ્ર દવેની જેમ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે, “મેળો આપો તો એક માનવીની સંગ અને એકલતા આપો તો ટોળે...” આપણે સૌ એક એવા પાત્રની અપેક્ષા રાખીએ કે જેને મળવાથી મેળાનો સંપૂર્ણ અર્થ સમજાય જાય.

## આલિયાનુ ગીત મે તેનુ સમઝાંવા લોકોમાં હિટ

મુંબઈ,તા. ૨

બોલિવુડની આશાસ્પદ અભિનેત્રી આલિયા ભટ્ટ તેની કુશળતાના કારણે સતત લોકપ્રિયતા મેળવી રહી છે. હવે તે ગીત પણ ગાઈ રહી છે. આલિયા ભટ્ટે સૌથી પહેલા હાઈવે ફિલ્મમાં ગીતને અવાજ આપ્યા બાદ હવે આ દિશામાં આગળ વધી રહી છે. આલિયા ભટ્ટ ભવિષ્યમાં પ્રિયંકા ચોપડાની જેમ મ્યુજિક આલ્બમ લોંચ કરવાની પણ ઈચ્છા રાખે છે. આ જ કારણસર તે ફિલ્મ એવી કરી રહી છે જેમાં ગીત ગીત ગાવવાની તક મળી રહી છે. હાઈવે બાદ હવે આલિયા હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયામાં પણ ગીત ગાશે. આલિયા ભટ્ટ દ્વારા રજૂ કરાયેલા ગીત મે તેનુ સમઝાંવા પહેલાથી લોકોમાં લોકપ્રિય છે. આલિયા કહ્યું છે કે તે સાવર અને કારમાં ગીત ગાવવાનુ પસંદ કરે છે. આલિયા હાલની લોકપ્રિય અભિનેત્રી પ્રિયંકા ચોપડાના ઈશારે આગળ વધવા માંગે છે. આલિયા પણ પોતાની રીતે મ્યુઝિક આલ્બમ લોંચ કરવા ઈચ્છુક છે.

# સ્પાઈનલ ઈજાઓથી ગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી

### માર્ગ અકસ્માતોના કારણે સ્પાઈનલ ઇજાના કિસ્સામાં વધારો : અયોગ્ય-મોડેથી સારવાર કારણરૂપ છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨

સ્પાઈનલ ઇજા અથવા તો કરોડરજ્જુની ઇજા સાથે સંબંધિત યુવા લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે સ્પાઈનલ ઇજાના સંબંધમાં તાકિદે જાગૃતિ જગાવવાની જરૂર હોવાનો અભિપ્રાય ઇન્ડિયન સ્પાઈનલ ઇન્જરિશ સેન્ટરના દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ૧૫થી ૩૫ વર્ષની વયમાં માર્ગ અકસ્માતોના કારણે સ્પાઈનલ ઇજા અથવા તો કરોડરજ્જુની ઇજાના બનાવોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નિષ્ણાંત તબીબો અને અધિકારીઓ દ્વારા આ મુજબનો મત વ્યક્ત કરવામાં આવી ચૂક્યો છે. નિષ્ણાંત તબીબો કહે છે કે યુવાનોમાં સ્પાઈનલ ઇજાઓના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. અકસ્માતોના કારણે આ પ્રકારની ઇજાઓ આવી રહી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે આના માટે પણ જુદા જુદા પરિબળો જવાબદાર રહ્યા છે. યોગ્ય રીતે સારવાર નહીં આપવાથી આ સમસ્યા સર્જાઈ છે. ઇજાની જગ્યાએ અપૂરતી સારવાર તથા મોડેથી હોસ્પિટલમાં સિફ્ટ કરવાની બાબત જવાબદાર છે. અકસ્માત થવાની સ્થિતિમાં બેદરકારી અને દુખાવો વધી ગયા બાદ ખૂબ મોડેથી સારવાર લેવાની બાબત આ બિમારીને આમંત્રણ આપે છે. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમને ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, નિષ્ણાંત વૈજ્ઞાનિક તેમજ તબીબો ઉપસ્થિત રહ્યા હતા. આના ભાગરૂપે સૈકડો વિદ્યાર્થીઓ અને તબીબો સ્પાઈનલ ઇજાના સંબંધમાં જાગૃતિ જગાવવા ઝુંબેશ ચલાવવા માટે પણ તૈયાર થયા છે. સ્પાઇનલ ઇજાગ્રસ્ત હોવા અંગેના કારણો જારી કરાવામાં આવ્યા બાદ વધારે અભ્યાસ હાથ ધરવામાં આવનાર છે.